# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા શનિવાર, તા.૦૩/૦૨/૨૦૨૪નાં રોજ બપોરે ૩-૦૦ કલાકે મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડો. નિરજા એ. ગુપ્તાએ સંભાળયું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૦૩/૦૨/૨૦૨૪ |
|---|---|---|
| ૧. | ડો. નિરજા એ. ગુપ્તા, કુલપતિશ્રી | હાજર |
| ૨. | ડો. શાંતિશ્રી ધુલીપદી પંડિત | ગેરહાજર |
| ૩. | ડો. ભારતી વી. પાઠક | હાજર |
| ૪. | ડો. વિધ્યા રાવ | હાજર |
| ૫. | ડો. જેમ્સ એમ. ઇ. | હાજર |
| ૬. | ડો. રાજશ્રી જોટણીયા | હાજર |
| ૭. | ડો. ગોવિંદ ચૌધરી | હાજર |
| ૮. | ડો. હેમંત વૈષ્ણવ | હાજર |
| ૯. | શ્રી ચંદુભાઇ પટેલ | હાજર |
| ૧૦. | શ્રી કૌશિક જૈન | હાજર(online) |
| ૧૧. | ડો. ભરત ભાસ્કર | ગેરહાજર |

સભાની શરૂઆતમાં આ સભા યુનિવર્સિટીના માનનીય પૂર્વ ઉપકુલપતિશ્રી સ્વ. ડો. મુકુલભાઇ શાહના દુ:ખદ અવસાનથી ઉંડા શોકની લાગણી અનુભવે છે અને પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના દિવંગત આત્માને શાંતિ અર્પે અને તેમના કુટુંબીજનોને આ દુ:ખ સહન કરવાની શકિત આપે તેવી પ્રાર્થના સાથે આ સભા શ્રધ્ધાંજલિ અર્પે છે.

ઉપરનો શોકદર્શક પ્રસ્તાવ સભાગૃહે સભાનું કામકાજ શરૂ કરતાં પહેલાં ઉભા થઇને એક મીનીટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પી પસાર કર્યો.

ગુજરાત યુનિવર્સિટીમાં લાંબા સમય સુધી શિક્ષણ ક્ષેત્રે અમુલ્ય સેવાઓ આપનાર ડો. રઘુવીર ચૌધરીને શિક્ષણ, સાહિત્ય અને લેખન ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ પ્રદાન બદલ પધ્મશ્રી સન્માન મળવા બદલ તેઓશ્રીને તમામ સભ્યશ્રીઓને અભિનંદન પાઠવ્યા હતા.

બા.ક્ર.૧ તા.૦૮-૧૨-૨૦૨૩ના રોજ મળેલ એકિઝક્યુટિવ કાઉન્સિલ અને બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભાની નોંધ મંજુર કરવા બાબત.

ઠરાવ: તા.૦૮-૧૨-૨૦૨૩ના રોજ મળેલ એકિઝક્યુટિવ કાઉન્સિલ અને બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભાની નોંધ મંજુર કરવામાં આવી.

બા.ક્ર.૨ Knowledge Consortium of Gujarat ના પત્રાંક : કેસીજી/લીગલ/૨૦૨૩-૨૪/૨૫૭૮ તા.૩૧/૦૧/૨૦૨૪થી આવેલ પત્ર અન્વયે 'ગુજરાત પબ્લીક યુનિવર્સિટીઝ એકટ-૨૦૨૩ ' ને આધિન તૈયાર કરવામાં આવેલ યુનિફોર્મ મોડેલ સ્ટેચ્યુટસ અંગે ચર્ચાવિચારણા કરવા બાબત.

ઠરાવ: આથી ઠરાવવામાં આવે છે કે Knowledge Consortium of Gujarat ના પત્રાંક : કેસીજી/લીગલ/૨૦૨૩-૨૪/૨૫૭૮ તા.૩૧/૦૧/૨૦૨૪થી આવેલ પત્ર અન્વયે 'ગુજરાત પબ્લીક યુનિવર્સિટીઝ એકટ-૨૦૨૩ ' ને આધિન તૈયાર કરવામાં આવેલ યુનિફોર્મ મોડેલ સ્ટેચ્યુટસનો સ્વીકાર કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે યુનિફોર્મ મોડેલ સ્ટેચ્યુટસ બાબતે કોઇ સુધારા વધારા કરવા અંગેની સ્પેશ્યલ કમીટીની રચના કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.

બા.ક્ર.૩ ગુજરાત પબ્લીક યુનિવર્સિટીઝ એકટ ૨૦૨૩ લાગુ પડતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, કોર્ષ, સંસ્થાના નવા તથા ચાલું એડહોક જોડાણ મંજુર કર્યાનું.

ઠરાવ: ગુજરાત પબ્લીક યુનિવર્સિટીઝ એકટ ૨૦૨૩ લાગુ પડતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, કોર્ષ, સંસ્થાના નવા તથા ચાલું એડહોક જોડાણ તદ્નુસાર મંજુર કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.

ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી સર્વાનુમતે નીચેના ઠરાવો કરવામાં આવ્યા :

ઠરાવ:૪ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત તથા એથલેટીકસ ફેડરેશન ઓફ ઇન્ડીયા તથા ગુજરાત યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે ૧૯મી નેશનલ ઇન્ટર ડીસ્ટ્રીકટ જુનિયર એથલેટીકસ મીટ (NIDJAM) ૨૦૨૪, જે તા.૧૬ થી ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૪ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજાવાની છે, જેમાં ૬૧૦ જીલ્લાઓમાંથી અંદાજે ૬૦૦૦ વિધ્યાર્થીઓ તથા ૧૫૦૦ જેટલાં કોચ, ઓફીશ્યલ સપોર્ટીંગ સ્ટાફ તથા ૬૫૦ વોલેન્ટીયર્સ ગુજરાત યુનિવર્સિટી ખાતે આવવાના હોઇ તેમના રહેવા-જમવા સહિત થનાર તમામ આનુષાંગિક ખર્ચ મંજુર કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવાનું રાખવું.

ઠરાવ:૫ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે આવેલ ટીચીંગ તેમજ નોન-ટીચીંગ સ્ટાફ માટેના 2 BHK તથા 3 BHK કવાર્ટર્સ તૈયાર થઇ ગયેલ હોઇ, ફાયર સેફટી અંગેની ફાયર એન.ઓ.સી. મળેથી સદર કવાર્ટર્સના એલોટમેન્ટ કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.

ઠરાવ:૬ NEP 2020 ના પાલન અંગે શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારશ્રી ધ્વારા ગુજરાત યુનિવર્સિટીને આપવામાં આવેલ ગાઇડલાઇન્સ મુજબ NEP 2020 નું ગુજરાત યુનિવર્સિટીની વિવિધ એફીલીયેટેડ સંસ્થાઓને B.S. in Computer Science, B.S. in Business Administration, B.S. in Arts, B.S. in Commerce, B.S. in vocational studies, B.S. in Hospitality Managementના અભ્યાસક્રમો આગામી શૈક્ષણિક વર્ષથી શરૂ કરવાની મંજુરી આપવાનું રાખવું.

ઠરાવ:૭ ગુજરાત યુનિવર્સિટી ધ્વારા વિનયન વિધ્યાશાખા, વાણિજય વિધ્યાશાખા સહિત અન્ય વિધ્યાશાખાઓ કે જેમાં નવીન કોલેજ અંગેની કોઇ માંગ અથવા તો જરૂરિયાત સર્જાય તો તે અંગેની પ્રક્રિયા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તથા ગુજરાત પબ્લીક યુનિવર્સિટીઝ એકટ-૨૦૨૩ મુજબ હાથ ધરવાનું રાખવું.

ઠરાવ:૮ ગુજરાત યુનિવર્સિટીમાંથી ડીએફીલીયેટ થઇને ટીચર્સ યુનિવર્સિટીમાં ગયેલ ગ્રાન્ટ-ઇન-એઇડ બી.એડ કોલેજો શિક્ષણ વિભાગના આદેશથી પૂન: ગુજરાત યુનિવર્સિટીમાં રીએફીલીયેટ કરવાની પ્રક્રિયા અંગેની ફી રૂ.૧૦,૦૦૦/- લેવાનું રાખવું.

ઠરાવ:૯ ગુજરાત યુનિવર્સિટીનો ૭૨મો પદવીદાન સમારંભ ૧૯મી જાન્યુઆરી, ૨૦૨૪નાં રોજ ગુજરાત યુનિવર્સિટી ખાતેના અટલ કલામ સેન્ટરના ઓડીટેરીયમમાં યોજાએલ, જેમાં માન. ઉપરાષ્ટ્રપતિશ્રી, માન. કુલાધિપતિશ્રી, માન. મુખ્યમંત્રીશ્રી, માન. શિક્ષણ મંત્રીશ્રી (કેબીનેટ કક્ષા), ગુજરાત યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી, બોર્ડ ઓફ મેનેજમેન્ટ તથા એકિઝકયુટિવ કાઉન્સિલના માન. સભ્યશ્રીઓ ઉપસ્થિતિમાં ૯ વિધ્યાશાખાના કૂલ ૫૧,૬૨૨ વિધ્યાર્થીઓને પદવી, ૨૭૯ વિધ્યાર્થીઓને મેડલ અને ૬૬ વિધ્યાર્થીઓને શિષ્યવૃત્તિ/પારિતોષિક એનાયત કરવામાં આવેલ, જે સમારંભ માટે કરવામાં આવેલ સુશોભન, ડેકોરેશન, ભોજન સહિત આયોજનનો તમામ વ્યવસ્થા ખર્ચ આઉટસોર્સીંગથી કરેલ, જે તમામ ખર્ચ મંજુર કરી આઉટસોર્સીંગ એજન્સીઓને ચુકવવાનું રાખવું.

ઠરાવ:૧૦ ગુજરાત યુનિવર્સિટીની વિવિધ પ્રીમાઇસીસ જેવી કે કેન્ટીન, મેસ, ટ્રાન્ઝીટ હાઉસ તથા અન્ય તમામ પ્રીમાઇસીસને Expression of Interest (EOI) કરી આનુષાંગિક કાર્યવાહી કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.

ઠરાવ:૧૧ ગુજરાત યુનિવર્સિટી ધ્વારા ચલાવવામાં આવતા તમામ HPP કોર્ષીસમાં નોલેજ પાર્ટનર તરીકે નીમવામાં આવેલી કંપનીઓને દૂર કરી ગુજરાત યુનિવર્સિટી ધ્વારા યુ.જી.સી. ની ગાઇડલાઇન્સ મુજબ પ્રોફેસર્સ ઓફ પ્રેકટીસ, હંગામી તેમજ વીઝીટીંગ ફેકલ્ટીની નિમણુંક કર્યાના તેમજ સદર કોર્ષીસ ગુજરાત યુનિવર્સિટી ધ્વારા સીધા જ ચલાવવાનું મંજુર કર્યાના માન. કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવાનું રાખવું.

ઠરાવ:૧૨ ગુજરાત યુનિવર્સિટી ધ્વારા લેવામાં આવતી વિવિધ પરીક્ષાઓના સંદર્ભે વ્હીકલ સર્વિસીસની તા.૧૪/૯/૨૦૨૩ તથા ડીગ્રી સર્ટીફીકેટસ માટે તા.૨૪/૧૧/૨૦૨૩નાં રોજ આપવામાં આવેલ જાહેરખબર મુજબ એનપ્રોકયોર પર ઇ-ટેન્ડર કરી એલ-૧ આવનાર પાર્ટીને વર્ક ઓર્ડર આપી સદર કામગીરી પૂર્ણ થયેથી બીલની ચુકવણી કરવાનું રાખવું.

ઠરાવ:૧૩ યુ.જી.સી. ધ્વારા ગુજરાત યુનિવર્સિટીને વિવિધ ઓન-લાઇન કોર્ષીસની મંજુરી આપેલ હોઇ, સદર બાબતે ઓનલાઇન પ્લેટફોર્મ મંજુર કરી ઓનલાઇન કોર્ષીસ આગામી શૈક્ષણિક વર્ષથી શરૂ કરવાની મંજુરી આપવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.

ઠરાવ:૧૪ વર્ષ ૨૦૩૬માં યોજાનાર ઓલમ્પિકના આયોજનના તૈયારીના ભાગરૂપે ફોરેન લેંગ્વેજ એક્ષપર્ટની મોટી સંખ્યામાં જરૂર પડે તેમ હોઇ સાત ફોરેન લેંગ્વેજ શીખવવાના કોર્ષીસ શરૂ કરવા માટે ફોરેન લેગ્વેંજ ડિપાર્ટમેન્ટ આગામી શૈક્ષણિક વર્ષથી શરૂ કરવાની મંજુરી આપવાનું રાખવું.

ઠરાવ:૧૫ ગુજરાત સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસીસ ધ્વારા ફેબ્રુઆરી ૧ થી ૪, ૨૦૨૪ દરમ્યાન યોજવામાં આવેલ 2nd All India Fire Service Sport's and Fire Service Meet 2024 નું આયોજન ભારતના વિવિધ રાજયો, યુનિયન ટેરીટરી તથા પબ્લીક સેકટરનાં ફાયર સર્વિસ ઓર્ગેનાઇઝેશનના વિવિધ ફાયર સર્વિસમેન હાજર રહેવા હોઇ તથા તેઓની સ્પોર્ટસ એકટીવીટીઝ અંગેના કાર્યક્રમો માટે થનાર તમામ આનુષાંગિક ખર્ચ મંજુર કરવાનું રાખવું.

ઠરાવ:૧૬ ગુજરાત યુનિવર્સિટી ખાતેની વિવિધ ફેસીલીટીઝના ઉપયોગ તથા જાળવણી સંદર્ભે તા.૨૫/૧૧/૨૦૨૩ જાહેરખબર ધ્વારા એનપ્રોકયોર પર કરવામાં આવેલ Expression of Interest (EOI) મુજબ એચ-૧ બિડરને વર્ક ઓર્ડર આપવાનું રાખવું.

ઠરાવ:૧૭ આગામી NAAC ના અનુસંધાને ગુજરાત યુનિવર્સિટી ધ્વારા વિવિધ ભવનોના નવીનીકરણ, સમારકામ તથા નવીન બાંધકામ તથા અન્ય અંગે તા.૧૪/૯/૨૦૨૩ અને તા.૧૦/૧૧/૨૦૨૩નાં રોજ આપવામાં આવેલ જાહેરખબર મુજબ એનપ્રોકયોર પર કરવામાં આવેલ ઇ-ટેન્ડર સંદર્ભે એલ-૧ એજન્સીને વર્ક ઓર્ડર આપવાનું રાખવું.

ઠરાવ:૧૮ ગુજરાત યુનિવર્સિટી ધ્વારા લેવામાં આવતી વિવિધ વીન્ટર એન્ડ સમર પરીક્ષાઓ માટે પ્રશ્નપત્ર છપામણીની કામગીરી માટે તા.૧૪/૩/૨૦૨૩નાં રોજ આપવામાં આવેલ જાહેરખબર મુજબ એનપ્રોકયોર પર કરવામાં આવેલ ઇ-ટેન્ડર સંદર્ભે કોઇપણ એજન્સી કવોલીફાય ન થતાં પ્રશ્નપત્ર છપામણી તથા બારકોડ તેમજ રીઝલ્ટ પ્રોસેસીંગ અંગેની કામગીરીની હાલની મુદત આગામી ઇ-ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાંસુધી લંબાવવાનું રાખવું.

ઠરાવ:૧૯ યુનિવર્સિટી ખાતેના સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં સ્પોર્ટસ મેનેજર સહિતની અન્ય જરૂરી હંગામી નિમણુંકો કરી સ્પોર્ટસ કલબ સહિતના આયામો નકકી કરી સરદાર પટેલ સ્પોર્ટસ સીટીનું રાખરખાવ તથા સંચાલન કરવાનું રાખવું.

ઠરાવ:૨૦ આગામી સમયમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય રમતોના કોચ તથા સક્ષમ સંચાલકોનું પ્રદાન પ્રાપ્ત થાય તેવા ઉમદા હેતુસર ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝીકલ એજયુકેશન અંતર્ગત ફિઝીકલ એજયુકેશન તેમજ સ્પોર્ટસને લગતા વિવિધ ડિગ્રી, ડિપ્લોમા તથા પી.જી.ના અભ્યાસક્રમો આગામી શૈક્ષણિક વર્ષથી શરૂ કરવાનું રાખવું.

અંતમાં, પ્રમુખસ્થાનેથી માન. કુલપતિશ્રી ધ્વારા ગુજરાત યુનિવર્સિટી ધ્વારા તા.૮/૧૨/૨૦૨૩ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બાબત ક્રમાંક:૮ હેઠળ થયેલ અન્વયે તથા બોર્ડ ઓફ મેનેજમેન્ટની બાબત ક્રમાંક:૨ હેઠળ થયેલ ઠરાવ અન્વયે થયેલ તપાસની કામગીરીની પ્રગતિથી માન. સભ્યશ્રીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરૂં થયું હતું.

કુલસચિવ

નં.એકેડેમિક/૬૦૨૩૨/૨૦૨૪
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ, તા. ૧૫-૦૨-૨૦૨૪